શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૬ • અંક : ૦૩
માર્ચ : ૨૦૨૪

પ્રેમસખી સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી

'વંદુ સહજાનંદ રસરૂપ' કીર્તનના દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે વડતાલધામ ખાતે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ અનુષ્ઠાનમાં ઉપસ્થિત સંતો તથા ભક્તજનો

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પુન્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા તથા અનુષ્ઠાનમાં જોડાયેલ ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

'વંદુ સહજાનંદ રસરૂપ' કીર્તનના પ્રાગટ્ય દિવસે મહાઅનુષ્ઠાનમાં જોડાયેલા સંતો તથા ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ



કેસુડાના વાઘામાં દર્શન આપી રહેલ
SGVP સહજાનંદમ્માં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ

દર્શનમ્ શોધ કેન્દ્ર દ્વારા આયોજિત સેમિનારમાં
ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા વિદ્વાનો, SGVP

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૬, માર્ચ : ૨૦૨૪, અંક : ૦૩

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ...

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ;
સત્ય કર્યું આજ શ્રી ઘનશ્યામ રાજ...૧

જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી;
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી રાજ...૨

વિના સાધને સિદ્ધ દશા પમાડી;
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ...૩

રવિ આગે શશી તારા ન ભાસે;
મતપંથ તેમ શ્રી હરિ પાસે રાજ...૪

પ્રેમાનંદનો સ્વામી પૂરણ પ્રતાપી;
પોતાના જનને સ્થિતિ અલૌકિક આપી રાજ...૫

અનુક્રમણિકા

૧.	સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી જીવન દર્શન	૦૪
૨.	પુત્રજન્મ અને ત્યાગ	૦૫
૩.	ખુદાની ઇબાદત ફળી	૦૬
૪.	સંગીતનું શિક્ષણ	૦૭
૫.	ખુદાનું બાળક ખુદાનાં ચરણે	૦૭
૬.	નૂર તાઇમાંથી નિજબોધાનંદ	૦૮
૭.	નિજબોધાનંદમાંથી પ્રેમાનંદ	૧૦
૮.	વંદુ સહજાનંદ સ્વરૂપ...	૧૧
૯.	પિતા–પુત્રનું મિલન	૧૩
૧૦.	સમાચાર દર્શન	૧૫

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

– સાધુ યજ્ઞવલ્લભદાસ

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી જીવન દર્શન

પ્રેમમૂર્તિ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીની રચના 'વંદુ સહજાનંદ રસરૂપ'ને બસો વર્ષ પૂર્ણ થયા. આ અલૌકિક અને અદ્‌ભુત પદોના પ્રાગટ્યની કથા ખૂબ રોચક છે. આ પદો ઉપર ભગવાન શ્રીસ્વામિનારાયણની અનહદ પ્રસંન્નતા ઉતરી છે. ત્યારે પ્રેમાનંદ સ્વામીનું જીવન અને પદોની પ્રાગટ્ય કથાનું ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કરીએ આ અંક દ્વારા.

સાધકની સાધના જ્યાં સુધી મનોમય ભૂમિકા પર ચાલતી હોય ત્યાં સુધી તે સાધના સંકલ્પજન્ય સાધકના કહેવાય છે. સંકલ્પજન્ય સાધનામાં ઊંડાણનો અભાવ રહે છે. એવી સાધનામાં દૈવત્વ પ્રગટતા ખૂબ વાર લાગે છે. સાધકની સાધના જ્યારે પ્રાણમય ભૂમિકાએથી-અંતરના ઊંડાણમાંથી પ્રગટે ત્યારે સાધકનું હૃદય પરમાત્માને મળવા આતુર બની જાય છે. આ આતુરતા ક્રમે કરીને વિરહભક્તિમાં પરીણમે છે.

ભક્તિમાર્ગના બે પ્રવાહો છે : એક પ્રવાહમાં સાધક પ્રભુ સાથેના મિલનનો આનંદ માણે છે તો બીજા માર્ગે સાધક વિરહભક્તિમાં પોતાના હૃદયને તપાવીને પ્રભુમિલનને ઝંખે છે. ભક્તિમાર્ગમાં મિલનથી વિરહને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે, કારણ કે મિલનમાં ગાફલાઈ આવી જવાની સંભાવના વધી જાય છે, જ્યારે વિરહ ભક્તને જાગ્રત રાખે છે.

વિરહ વસ્તુતઃ મિલન પહેલાનો તલસાટ છે. પ્રત્યેક મિલન પછી વિરહનો ભાવ આવે જ છે. જો એમ ન થાય તો મિલન પછીની વિકાસયાત્રા અટકી જાય છે. વિરહનો અનુભવ ભક્તને સતત વિકાસોન્મુખ રાખે છે, સતત આગળ ચાલવા પ્રેરે છે.

પ્રભુમિલનની અગ્નિ હૃદયમાં પ્રજ્વલિત થાય એ સાધકની સાધના ઉચ્ચ કોટિની છે. વિરહની વેદના ગહન વેદના છે, સર્વોચ્ચ અને સૌભાગ્યપૂર્ણ વેદના છે. લોકો સંસાર માટે રડે છે, જ્યારે ભક્તો ભગવાન માટે રડે છે. સંસાર માટે જે આંસુ ટપકે તેમાં માત્ર ક્ષાર હોય છે, પરંતુ પ્રભુ માટે જે આંસુ ટપકે તેમાં અમૃત હોય છે. પ્રભુમિલન માટે ટપકતાં આંસુની તો વાત જ જુદી છે : ગોકુળ ગામનો પીંડો છે ન્યારો!

પ્રભુવિરહની વેદનાના પડદા પાછળ જે આનંદનો સાગર ઊછળી રહ્યો હોય તેનો અનુભવ કેવળ ભક્તને જ થઈ શકે. બહારથી તીવ્ર વેદના અનુભવતા દેખાતા ભક્તનું હૃદય વિરહમાં પણ બ્રહ્માનંદમાં હિલોળા લેતું હોય છે. સંસારનો કોઈ આનંદ વિરહના આનંદની તોલે ન આવે. આ પરમાનંદ માનવબુદ્ધિથી અતીત હોય છે.

પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણને આશ્રયે રહીને હજારો સંતો-ભક્તો આ વિરહીભક્તિમાં રસતરબોળ રહ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતો-ભક્તોને મિલનનો અનહદ આનંદ પણ આપ્યો અને વિરહની અગ્નિમાં તપાવ્યા પણ ખરા. એ સંતો-ભક્તો માટે મિલન અને વિરહ બન્ને સ્થિતિ ભક્તિ માટે સમાન હતી. પ્રગટ ભગવાનનું સાંનિધ્ય પ્રાપ્ત કરવું, ભગવાનનાં સ્વરૂપને ઇન્દ્રિયો દ્વારા પાન કરવું અને તડપતાં હૈયે ભગવાનનાં વિરહમાં આંસુ સારવા સંતો-ભક્તો બન્ને સ્થિતિમાં ભક્તિની તીવ્રતા અનુભવતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોના હૃદયમાં ભક્તિની સરિતાઓના પ્રવાહ નિરંતર વહેતાં રહેતાં. કેટલાક સંતોની ભક્તિનાં વહેણ ગુપ્તગંગા જેવાં હતાં તો કેટલાકનાં ખળખળતાં વહેણ જેવાં. કેટલાક સંતો બહારથી ગંભીર, જ્ઞાની, ધર્મજ્ઞ કે વૈરાગી દેખાતા, પરંતુ એમના હૃદયમાં ભક્તિગંગા-પ્રેમગંગા ઘૂઘવાટા કરતી. એ સંતોનાં હૃદયમાં વહેતો મિલનનો આનંદ કે વિરહની તડપ દેખાતી નહીં. સંતોએ ગંભીરભાવ ધારણ કર્યો હોવાથી કળાવો મુશ્કેલ રહેતો.

કેટલાક સંતોની ભક્તિ ઘૂઘવાટા કરતા સમુદ્ર જેવી હતી. જેઓ મહારાજના મિલનનો આનંદમાં ગુલતાન થઈ જતા અને વિરહના તાપમાં તડપી ઊઠતા. એમની ભક્તિ અને પ્રેમનો અનુભવ સર્વને થતો. એ સર્વે સંતો પોતપોતાની મસ્તીમાં પ્રગટ ભગવાનની ભક્તિ કરતા.

એ સંતોમાં મિલનોત્તર વિરહભક્તિના રંગે રંગાયેલા સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી કોઈ નોખી જ ભૂમિકાએથી શ્રીજી મહારાજ સાથે જોડાયા હતા. પ્રેમાનંદ સ્વામી શ્રીજી મહારાજના સાંનિધ્યમાં રહેતા હોવા છતાં એમના હૃદયમાં વિરહભક્તિ ઉછાળા મારતી. શ્રીજી મહારાજનું એક ક્ષણ પણ દર્શન ન થાય તો એમની સ્થિતિ વારી વિનાના માછલાં જેવી થતી. એમાં પણ રાત્રિનું એકાંત પ્રેમાનંદ સ્વામીને જાણે ખાવા દોડતું. અક્ષરઓરડીમાં સૂતેલા શ્રીજી મહારાજ જાણે જોજન દૂર જઈને પોઢ્યા છે એવી અનુભૂતિ સાથે પ્રેમાનંદ સ્વામી તડપતા હૈયે રાત્રિ પસાર કરતા.

આવા પ્રેમમંદિરના પૂજારી પ્રેમાનંદ સ્વામીનું જીવન કેટલાય ઉતાર-ચડાવથી પસાર થયું હતું. અહીં સ્વામીના જીવનના કેટલાક પ્રસંગોનું આસ્વાદન કરીએ.

પુત્રજન્મ અને ત્યાગ

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાનું ઓગણ ગામ. આ ગામમાં મોતીરામ કરીને એક પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. એ મોતીરામને બે દીકરા હતા : એક દીકરાનું નામ આનંદરામ અને બીજા દીકરાનું નામ સૂરજરામ હતું.

પિતા મોતીરામના અવસાન પછી સૂરજરામ મૂળ વતનનું ઓગણ ગામ છોડી અમદાવાદ રહેવા આવ્યા. પતિ-પત્ની બે જણાનો પરિવાર હતો. સૂરજરામ સંતોષી બ્રાહ્મણ હતા, એટલે ભિક્ષાવૃત્તિ કરીને જીવન ગુજારતા.

થોડા સમયના ગૃહસ્થાશ્રમના જીવન પછી સૂરજરામના ઘરે એક દીકરાનો જન્મ થયો. દીકરાના આગમનથી પરિવારમાં આનંદ છવાઈ ગયો. સૂરજરામ અને એમના પત્ની ભારે હરખમાં દીકરાનું જતન કરવા લાગ્યા.

દીકરાના જન્મના દસ-પંદર દિવસનો સમય પસાર થયો હશે. એવામાં સૂરજરામને કોઈ સારા જ્યોતિષીનો ભેટો થયો. દરેક મા-બાપને પોતાના પુત્રનું ભવિષ્ય જાણવાના કોડ હોય એમ સૂરજરામને પણ પોતાના બાળકનું ભવિષ્ય જાણવાની ઇચ્છા થઈ. તેઓ નાનકડા પુત્રને લઈ જ્યોતિષી પાસે ગયા.

ગૃહસ્થને સ્વાભાવિક જ્યોતિષમાં રસ હોવાથી પુત્રના જોષ જોવડાવે. જ્યોતિષીઓ પણ ગ્રહ, નક્ષત્ર, દેશ, કાળ વગેરે જુએ. કોઈ હાથ જુએ, કોઈ કપાળ જુએ, કોઈ વળી સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે જોષ જોઈ આપે.

સૂરજરામ દીકરાને લઈ જ્યોતિષી પાસે આવ્યા. જ્યોતિષીએ દસ-પંદર દિવસના નવજાતના હાથ-પગ-કપાળની રેખાઓ જોઈ, કુંડળીમાં ગ્રહોની સ્થિતિ તપાસી અને ભવિષ્ય ભાખતા કહ્યું, "સૂરજરામ! તમને દીકરાના જન્મનો આનંદ છે, પણ આ દીકરો તમારો નહીં રહે!"

જ્યોતિષીના શબ્દો સાંભળી સૂરજરામ માથે જાણે વીજળી પડી, પગ નીચેથી ધરતી સરકી ગઈ! તેઓની આંખો પહોળી થઈ ગઈ! મોંઢામાં સોસ પડવા લાગ્યો. માંડમાંડ શબ્દો નીકળ્યા, "કેમ... આવું કહો છો?"

જ્યોતિષી કહે, "તમારા દીકરાને તમારી સાથે બહુ લેણાદેણી નથી. તમે ભલે એને પાળી-પોષીને મોટો કરો, પણ તેનો કંઈ અર્થ નહીં સરે. તમારો હોવા છતાં તમારો નથી. સમય આવ્યે તમને છોડીને જતો રહેશે."

સૂરજરામ દીકરાને લઈને ઘરે આવ્યા. દીકરાને લઈને જતા હતા અને મનમાં જે હોંશ, આનંદ, ઉત્સાહ હતાં એ સાવ ઓસરી ગયાં. મન વિચારોના ચકડોળે ચડ્યું. તેઓ વિચારવા લાગ્યા કે, જો આ દીકરો આપણો હોવા છતાં આપણો ન હોય તો એને રાખીને શું કરવો? એને મોટો કરવા શા માટે માથાકૂટ કરવી?

સૂરજરામનો સ્વભાવ થોડો ઉગ્ર અને જિદ્દી. એમણે કેટકેટલા મનોમંથન પછી હૃદય ઉપર ભારે પથ્થર મૂકી કઠોર નિર્ણય કર્યો કે, આ પુત્રનો મારે ત્યાગ કરી દેવો...!

તુલસીદાસજીના જન્મ સમયે જ્યોતિષીના જોષ પ્રમાણે ભવિષ્યમાં બાળક આફતો લાવનાર ન બને એ માટે એમના પિતાએ તુલસીદાસજીનો ત્યાગ કર્યો હતો. એ જ રીતે આજે હૃદયને કઠોર કરી સૂરજરામ વહેલી સવારે દસ-પંદર વાહાના પુત્રને ગોદડીમાં વિંટાળીને ત્યજી દેવા નીસર્યા.

મા કલ્પાંત કરે છે, પતિના આકરા સ્વભાવ સામે કશું બોલી શકતી નથી. કરગરતી કહે છે, 'માતા-પિતાએ કુમાતા-પિતા ન થવાય. બાળક આપણું છે અને આપણે જ

ઉછેરવું જોઈએ.' પરંતુ સૂરજરામ ઉપર એની કોઈ અસર થતી નથી. રડતી, ટળવળતી, પુત્રને વહાલ કરવા વલખાં મારતી પત્નીને છોડી પુત્રને લઈ સૂરજરામ અમદાવાદમાં દરિયાખાનનાં ઘુમ્મટ પાસે આવ્યા. વહેલી સવાર હોવાથી કોઈ મનુષ્યની અવર-જવર નથી. ચારેતરફ દૃષ્ટિ કરી કોઈ જોતું ન હોય એની ખાતરી કરી અને એક ખૂણામાં રડતા બાળકને મૂકી સૂરજરામ ભારે હૃદયે નીકળી ગયા.

આદિ કાળથી કેટકેટલાંય બાળકો જન્મતાની સાથે જ માતા-પિતાથી વિખૂટા પડી અનાથનું જીવન જીવવા મજબૂર થાય છે. કોઈ અંધશ્રદ્ધાથી, તો કોઈ વળી લોકલાજથી બચવા બાળકને તરછોડે છે. કોઈ વિપરીત દેશ-કાળથી બચવા, તો કોઈ શત્રુથી રક્ષવા પોતાના બાળકને તરછોડે છે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ, પરાક્રમી અને દાનેશ્વરી કર્ણ જેવા મહાપુરુષોને પણ જન્મતાવેંત મા-બાપથી છૂટા પડવું પડ્યું હતું.

આજે જન્મજાત બાળકોને તરછોડવાનું જાણે દૂષણ થઈ ગયું છે. અતિ ભોગ-વિલાસનું પરિણામ અને પુત્રમોહના પ્રતાપે અનેક બાળકો અનાથાશ્રમમાં ઉછરે છે. એ મા-બાપ વિહોણાં હજારો બાળકો મરે ત્યાં સુધી ઓશિયાળા જીવન જીવવા મજબૂર થાય છે.

ખુદાની ઇબાદત ફળી

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના 'સત્યકામ જાબાલ'.

છાંદોગ્ય ઉપનિષદમાં સત્યકામ જાબાલની કથા છે. સત્યકામ જાબાલના કુળનું ઠેકાણું નહોતું. એના પિતા કોણ છે, એની પણ એને ખબર નહોતી. આશ્ચર્ય અને દુઃખની વાત એ હતી, કે એમની ગરીબ મા જાબાલા પણ આ બાળકનો પિતા કોણ છે, એ જાણતા નહોતા પરંતુ એ સત્યનિષ્ઠ હતાં. એમણે પોતાની વાત છુપાવી નહોતી.

મહર્ષિ હરિદ્રુમ ગૌતમે સત્યકામને ઉદાર દિલે સ્વીકારી બ્રહ્મવિદ્યા ભણાવી હતી અને એના નામની પાછળ મા જાબાલાનું નામ જોડ્યું હતું.

કંઈક આવી જ કથા પ્રેમાનંદ સ્વામીની છે. પ્રેમાનંદ સ્વામી કરતાં સત્યકામ થોડા સદ્‌ભાગી હતા, કારણ કે એમને માતાનો પ્રેમ મળ્યો હતો. જ્યારે પ્રેમાનંદ સ્વામીને તો જન્મથી જ જનેતાએ તરછોડી દીધા હતા. આ બાળકને જનેતાનું દૂધ પીવાનું સદ્‌ભાગ્ય પણ પ્રાપ્ત થયું નહોતું.

દરિયાખાનના ઘુમ્મટની બાજુમાં એક મુસ્લિમ દંપતી રહેતું હતું. આ દંપતી પાક દિલનું હતું. પાંચ વાર નમાજ પઢી ખુદાની બંદગી કરવી એ એમનો રોજનો ક્રમ હતો. એ મુસ્લિમ દંપતીમાં પુરુષનું નામ ડોસાભાઈ હતું અને તાઈ એમની અટક હતી. ડોસા તાઈને દરિયાખાનના ઘુમ્મટની બાજુની મસ્જિદમાં નમાજ પઢવાનો નિયમ હતો.

આ ડોસા તાઈને દાંપત્ય જીવનનાં ઘણાં વર્ષો વીત્યાં પણ કોઈ સંતાન થયું ન હતું. એટલે નિઃસંતાન દંપતી રોજ ખુદાની બંદગી કરે. ખાસ ડોસા તાઈ મસ્જિદમાં આવીને ખુદાતાલા પાસે ઇબાદત કરી માગે કે, 'હે પરવરદિગાર ! તમારી રહેમથી બધું મળ્યું છે, હવે એક પુત્ર આપો અને અમારો સંસાર હર્યોભર્યો કરો.'

ડોસા તાઈ રોજના નિયમ પ્રમાણે આજે પણ વહેલી સવારે નમાજ અદા કરવા મસ્જિદ તરફ આવી રહ્યા છે. એવામાં દરિયાખાનનાં ઘુમ્મટ પાસેથી પસાર થતા એમના કાને એક નાનાં બાળકનું રુદન સંભળાયું. ડોસા તાઈના કાન ચમક્યા. આટલી વહેલી સવારે આવી અવાવરું જગ્યામાં આટલું નાનું બાળક ક્યાંથી. તેઓએ રડવાના અવાજ તરફ પગ માંડ્યા. આછા અજવાળામાં નજીક જઈને જોયું તો ગોદડીમાં વિંટાયેલું એક બાળક દેખાયું. ડોસા તાઈએ ચારેતરફ દૃષ્ટિ કરી, કોઈ દેખાયું નહીં એટલે એમને ખ્યાલ આવી ગયો કે આ બાળકને કોઈ અહીં તરછોડી ગયું છે.

ડોસા તાઈએ નજીક આવી જોયું. વિચારે ચડ્યા કે, ગૌરવર્ણું, રૂપાળું, સુંદર અને નવજાત નિર્દોષ બાળકને કોણ અભાગિયું છોડી ગયું હશે ? દીકરી હોય તો કોઈ ત્યાગ કરે એ સમજાય છે, પરંતુ આ દીકરાનો ત્યાગ શા માટે કર્યો હશે ? વળી પાછો વિચાર આવ્યો કે, આવા રતન જેવા દીકરાનો કોઈ થોડા ત્યાગ કરે ? આ તો ખુદાએ મને આપ્યો છે. હું વર્ષોથી ખુદાની બંદગી કરી માગતો હતો તે માંગણી ખુદાએ આજે પૂર્ણ કરી અને મને પુત્રની પ્રાપ્તિ થઈ છે. તુરત જ ડોસા તાઈએ તરછોડાયેલાં નાનાં બાળકને ઉઠાવી લીધું અને મસ્જિદમાં આવ્યા. જાણે ખુદાની ગોદમાં મૂકતા હોય એ રીતે બાળકને જમીન ઉપર મૂકી વહેતી આંખે બંદગી કરવા લાગ્યા. ખુદાનો ખૂબ આભાર માન્યો. બાળકને લઈને ઘર તરફ પ્રયાણ કર્યું.

બાળક પ્રાપ્તિની ખુશી ડોસા તાઈની ચાલમાં વર્તાઈ રહી છે. ઝડપી અને મોટાં પગલાંથી ભૂમિ માપતા, રાજી થતાં થતાં ઘરે આવ્યા. પત્નીને કહ્યું કે, "જો જો... ખુદાતાલાએ આપણને દીકરો આપ્યો."

ડોસા તાઈના આટલા શબ્દો સાંભળતા જ જાણે લંઘાઈ ગયેલા છોડને પાણી મળ્યું. બીબી 'ક્યાં છે ? ક્યાં છે ?' બોલતાં બોલતાં બહાર આવ્યાં. જોયું તો પતિના હાથમાં ફૂલ જેવું નાનું બાળક હાથ-પગ ઉછાળે છે અને

જાણે માતૃપ્રેમ શોધતું હોય એમ દૃષ્ટિ ચારેતરફ ફેરવે છે. બીબીએ તુરત જ પતિના હાથમાંથી બાળક લઈ લીધું. બાળક હાથમાં આવતા જ વર્ષોથી સુષુપ્ત માતૃપ્રેમ જાગૃત થયો. બીબી માંડ્યા વહાલ વરસાવવા. બાળક પણ જાણે પોતાની મા મળી ગઈ હોય એમ માંડ્યું કિલકિલાટ કરવા.

કુદરતની લીલા તો જુઓ ! જે બાળકને જન્મદાતાએ તરછોડી દીધું, એને લોહીનોય સંબંધ નહોતો એણે સ્વીકારી લીધું ! દેહના સંબંધ કરતાંય ચૈતન્યનો સંબંધ શ્રેષ્ઠ સાબિત થયો, એક અનાથ બાળક સનાથ થયું, નોંધારાને આધાર મળ્યો.

ડોસા તાઈએ બાળક પ્રાપ્તિની બધી વાત કરી. ત્યારે બીબી કહે, "હવે તમે બીજું બધું ભૂલી જાઓ. આ બાળક આપણને ખરેખર ખુદાએ જ આપ્યું છે અને હવે આપણો જ દીકરો છે. જુઓ... જુઓ... આના ચહેરા ઉપર કેવું ખુદાઈ નૂર ઝળહળાં કરે છે ! માટે આજથી આપણાં બાળકનું નામ 'નૂર' રાખીએ." આમ, બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા બાળકને મુસ્લિમ પરિવારમાં આશરો મળ્યો અને નિસંતાન દંપતીને પુત્ર મળ્યો.

સંગીતનું શિક્ષણ

ધીરે ધીરે સમય પસાર થઈ રહ્યો છે. નૂર તાઈની નાની નાની પગલીઓ અને કાલી કાલી બોલી ડોસા તાઈના ઘરમાં જાણે આનંદની ઘંટડી વગાડે છે. ડોસા તાઈનું બાકી રહેલા જીવતરમાં પ્રાણ ફૂંકાઈ ગયા છે. નૂર તાઈને રમાડવામાં અને લાલન-પાલનમાં દિવસો કેમ પસાર થઈ રહ્યા છે.

દિવસો ઉપર દિવસો જઈ રહ્યા છે. નૂર તાઈને થોડું-ઘણું અક્ષરજ્ઞાન આપવાનો પ્રયત્ન પણ થાય છે. ડોસા તાઈ ગાયન-વાદનમાં કુશળ હતા, તેથી તેમને ફરવાનું રહેતું. આજીવિકા માટે ફરતા રહેતા ડોસા તાઈને સ્થિર થવું મુશ્કેલી ભર્યું છે.

એવામાં ડોસા તાઈને વડોદરા રહેવાનું થયું. આ સમયે નૂર તાઈ માટે ખૂબ મહત્ત્વનો રહ્યો. અહીં નૂર તાઈને અક્ષરજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

ખાસ કરીને મુસ્લિમ પરિવારોમાં થોડો સંગીતનો શોખ વધારે હોય. પોતાની કળા દ્વારા રાજા-મહારાજાઓને રીઝવે, ઘરે રહીને રિયાઝ કરે, જેને લીધે બાળકો પણ સ્વાભાવિક સંગીત તરફ આકર્ષાય. વડોદરાના નિવાસ દરમિયાન ડોસા તાઈની સાથે સાથે નૂર તાઈને ફરવાનું થયું. જેથી સહેજે સહેજે સંગીતનું શિક્ષણ પણ પિતાજી પાસેથી જ મળ્યું. બાળક નૂર સુંદર ગાતો થયો. નૂર જ્યારે ખુદાની બંદગી સ્વરૂપે ગાયન કરતા અને સાથે સારંગીનો સૂર ભળતો ત્યારે એનું ગાયન લોકોના હૃદય સુધી પહોંચતું. નૂરનું ગાયન-વાદન સાંભળનારાનાં હૃદય સોસરવું પસાર થઈ જતું, ઝણઝણાટી પેદા થઈ ઊઠતી.

પૂર્વના સંસ્કારોને લીધે નૂર તાઈના હૃદયમાં નાનપણથી જ પરમ તત્ત્વનાં મિલનની પ્યાસ પ્રગટી હતી; એની આંખો કોઈ અલખને શોધતી રહેતી; એનું હૃદય અગમ-અગોચર પ્રિયતમને ઝંખતું રહેતું. જેમ જેમ નૂર તાઈ મોટા થવા લાગ્યા તેમ તેમ એના હૈયામાં વારી વિછોયા માછલા જેવો હરિમિલનનો તલસાટ પણ વધવા લાગ્યો.

સારંગી સાથે ગાન કરતા આ નૂર તાઈના નેત્રોમાંથી અશ્રુઓનો વરસાદ વરસતો રહેતો.

ખુદાનું બાળક ખુદાનાં ચરણે

એક વાર ડોસા તાઈ કોઈ કામકાજ પ્રસંગે જેતપુર આવ્યા હતા. સાથે નૂર તાઈ પણ હતા.

આ જ અરસામાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામી નીલકંઠવર્ણીને ધર્મધૂરા સોંપી રહ્યા હતા. જેતપુરના રાજમાર્ગ ઉપર નીલકંઠવર્ણીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. સંખ્યાબંધ લોકો નીલકંઠવર્ણી અને સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા ઊમટી પડ્યાં હતાં. લોકોના હૃદયમાં ભારે આનંદ-ઉલ્લાસ છવાયેલા હતા. ચારે દિશાઓમાં દિવ્યતા વ્યાપી ગઈ હતી.

એ સમયે નૂર તાઈ જેતપુરના મુખ્ય માર્ગમાં એક તરફ ઊભા રહી વર્ણીરાજનાં દર્શન કરી રહ્યા હતા. નીલકંઠવર્ણીના પ્રથમ વાર દર્શન કરતાંની સાથે જ નૂર તાઈનું અંતર પોકારી ઊઠ્યું, "આ એ જ છે, જેની મારા હૃદયમાં ઊંડે ઊંડેથી ઝંખના થઈ રહી છે !"

નૂર તાઈને ઠરવાનું ઠેકાણું મળી ગયું હતું. પૂર્વની પ્રીત જાગી ઊઠી હતી. તેઓ જગતના સર્વ સંબંધોને છોડી ફકીરી ધારણ કરી નીલકંઠની સેવામાં રોકાઈ જવા માગતા હતા. તેથી એમણે પિતાશ્રી ડોસા તાઈને પોતાના અંતરની વાત કરી. ત્યારે ડોસા તાઈએ કહ્યું, "બેટા ! આપણે મુસ્લિમ છીએ અને એ હિંદુ સંત-ફકીર છે. એમાં આપણો સમાવેશ ન થાય. તું આવી વાત કરવી રહેવા દે, તું મૂર્ખામી ભર્યો વિચાર કરી રહ્યો છે."

ડોસા તાઈનું અંતર એકના એક પુત્રને છોડવા માંગતું નહોતું અને નૂર તાઈ ઘરે જવા માગતા ન હતા. પિતા-પુત્ર

સામસામે હઠે ભરાયા હતા. આખરે ડોસા તાઈ નૂરને સમજાવીને અમદાવાદ લઈ ગયા.

પરંતુ કાગડાના માળે ઊછરેલું કોયલનું બચ્ચું કેટલાં દિવસ છાનું રહે ? એને એના કૂળનો પોકાર અંદરથી ઊઠે. નૂર તાઈને નીલકંઠવર્ણીનો ચહેરો જાણે બોલાવી રહ્યો છે. નૂર તાઈ ભરનિદ્રામાંથી સફાળા બેઠા થઈ જાય છે. જાગ્રતિમાં નીલકંઠવર્ણી સિવાય કશું દેખાતું નથી. એનો માંહ્યલો એને નીલકંઠવર્ણી પાસે જવા ઉશ્કેરી રહ્યો છે. આખરે નૂર તાઈની સ્થિતિને વશ થઈ ડોસા તાઈએ ગઢપુર તરફ પ્રયાણ કર્યું.

વિ.સં. ૧૮૭૦ ની એ સાલ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢમાં કાયમી વસવાટ કરી રહ્યા હતા. દૂર દૂરના પ્રદેશોમાંથી ભક્તોના સંઘો ગઢપુર દર્શને આવી રહ્યા હતા.

એ વખતે અમદાવાદના ડોસા તાઈ પોતાના પુત્ર નૂર તાઈને સાથે લઈને મહારાજનાં દર્શને આવ્યાં. મહારાજનાં દર્શન કરતાં જ નૂર તાઈનું હૃદય નાચી ઊઠ્યું. જુગજુનો સંબંધ તાજો થયો અને મન નાચતું બોલ્યું, 'હવે મને મારી મંજિલ મળી ચૂકી છે.'

નૂર તાઈ મહારાજનાં ચરણો મેલીને હવે બીજે ક્યાંય જવા માગતા ન હતા, પરંતુ ડોસા તાઈનો જીવ મમત્વથી બંધાયો હતો. તેઓ નૂર તાઈને મહારાજની સેવામાં રહેવાની રજા આપતા નહોતા.

સામે શ્રીજી મહારાજે પણ નૂર તાઈના નૂરને પારખી લીધું હતું. હવે શ્રીજી મહારાજ પણ નૂર તાઈને પોતાનાથી અળગા થવા દેવા માગતા નહોતા. તેથી તેઓએ ડોસા તાઈને મર્મવેધક પ્રશ્ન કર્યો, "તાઈ ! આ નૂર તમારું સંતાન છે કે ખુદાનું ?"

વીજળીને ઝબકારે અજવાળાં પથરાય એમ ડોસા તાઈના અંતરમાં અજવાળાં પથરાયાં. વર્ષો પહેલાં ઘટેલી ઘટનાની એને સ્મૃતિ થઈ આવી. ગઢપુરમાં ભાવસમાધિમાં લીન ડોસા તાઈની નજર સામેથી ચલચિત્રની જેમ ભૂતકાળનું દૃશ્ય પ્રસારિત થઈ ગયું અને જેમ કોઈ તંદ્રામાંથી જાગે એમ ડોસા તાઈ જાગી ગયા.

મહારાજે મંદ મંદ હાસ્ય સાથે ફરીથી પૂછ્યું, "બોલો ડોસા તાઈ ! આ નૂર તમારા કે ખુદાના ?"

ડોસા તાઈએ હાથ જોડીને કહ્યું, "સ્વામિનારાયણ ! નૂર તાઈ તો ખુદાઈ નૂર છે અને ખુદાની ભેટ છે."

મહારાજે હસીને કહ્યું, "તો હવે ખુદાનું બાળક ખુદાને સોંપી દો !"

ડોસા તાઈ એક શબ્દ પણ બોલી શક્યા નહીં. એમણે મહારાજનાં વચનને મસ્તક ઉપર ચડાવ્યું અને પોતાની આંખોના નૂર સમાન નૂરને મહારાજની સેવામાં અર્પી દીધા.

સાગરમાં સરિતા સમાય તેમ એ એ ખુદાઈ નૂર ખુદાના ખોળામાં સમાઈ ગયું, જાણે કે નૂર તાઈને પોતાના અસલી માતા-પિતાની ગોદ મળી !

ભગવાન શ્રી સ્વામિનારાયણે નાત-જાતને જોયા સિવાય નૂર તાઈને અપનાવી લીધા !

એક વાત અવશ્ય સ્વીકારવી પડે કે, મુસ્લિમ બિરાદરોને ખુદા અને ખુદાના ફકીરો પ્રત્યે જેવો વિશ્વાસ હોય છે એવો વિશ્વાસ બીજાએ કેળવતા ખૂબ વાર લાગે. શ્રીજી મહારાજના એક વચને ડોસા તાઈ પોતાનું સર્વસ્વ છોડવા તૈયાર થયા એ જ ડોસા તાઈની ખુદા પ્રત્યેની ખરી નિષ્ઠાના દર્શન કરાવે છે.

નૂર તાઇમાંથી નિજબોધાનંદ

નૂર તાઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના છત્રમાં રહી રીત-રિવાજ શીખી રહ્યા છે. દિવસો ઉપર દિવસો પસાર થઈ રહ્યા છે. આ સમય દરમિયાન શ્રીજી મહારાજને નૂર તાઈ સાથે અને નૂર તાઈને શ્રીજી મહારાજ સાથે ગાઢ હેત બંધાતું જાય છે.

નૂર તાઈને તો ખુદા અને ખુદાના ફકીરો સાથે રહેવા મળ્યું એ જ પૂરતું છે, પરંતુ શ્રીજી મહારાજ નૂરના ભવિષ્ય વિશે વિચારી રહ્યા છે. નૂરની તો કોઈ ઇચ્છા-સંકલ્પ નથી, પરંતુ શ્રીજી મહારાજ યુવાનીના ઉંબરે ઊભેલા નૂર તાઈને ભાગવતી દીક્ષા આપી સાધુ કરવાનો સંકલ્પ કરી રહ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ નૂર તાઈનો ભૂતકાળ જાણતા હતા, પરંતુ સંતો-ભક્તો માટે મુસલમાનને ત્યાં ઊછરેલા નૂર તાઈને સ્વીકારવા તૈયાર થાય કે ન થાય તે પ્રશ્ન હતો.

બસો વર્ષ પહેલાંની વાત છે. જૂના જમાના પ્રમાણે વર્ણાશ્રમની વાડ્યો મજબૂત હતી. મુસ્લિમ ઘરે ઊછર્યા હોવાને કારણે નૂર તાઈની સર્વ રીતભાત, પહેરવેશ, ભોજન, ભાષા ઈસ્લામનાં હતાં. આ બધું એ જમાનાના ધર્મનિષ્ઠ પુરુષોને કેવી રીતે ઠીક પડે !

કેશરમિયાં, શેખમિયાં, શેખજી, આમદ-મકન વગેરે ઘણાં મુસ્લિમ ભક્તો શ્રીહરિની સેવામાં હતા, પરંતુ એ ગૃહસ્થાશ્રમમાં હતા એટલે કોઈ અડચણ નહોતી. જ્યારે ભાગવતી દીક્ષા આપી નૂર તાઈને સાધુના સંઘમાં ભેળવવાની વાત આવે ત્યારે ત્યાગી સમાજમાં થોડી-ઘણી

ચણભણ થાય જ. આજે પણ સમાજમાં જ્ઞાતિભેદને કારણે કેટલીય અરાજકતા ફેલાઈ રહી છે, ત્યારે ધર્મચુસ્ત લોકો નૂર તાઈને ત્યાગાશ્રમમાં ન જ ભેળવી શકે એ સ્વાભાવિક છે.

શ્રીજી મહારાજનો સંકલ્પ સંતોએ જાણ્યો. જોકે, એ સાધુઓ અલગારી હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચન એ જ એમનું જીવન હતું, છતાં પણ બાધિતાનુવૃત્તિએ વર્ણાશ્રમની વાડ્યોથી બંધાયેલા હતા.

સંતોમાં ગણગણાટ શરૂ થયો, 'જેના કુળકુટુંબનું ઠેકાણું નથી એવા આ યુવાનને મહારાજ સાધુ ન કરે તો સારું, પરંતુ આ વાત મહારાજને કોણ કહે?'

આખરે કેટલાંક વડીલ સંતો હિંમત કરી, સાથે મળી મહારાજ પાસે આવ્યા. અંતર્યામી મહારાજથી એમની વાત અજાણી નહોતી છતાં પૂછ્યું, "ઓહો, આજે આટલા બધા સંતોએ સાથે મળીને કેમ આવવાનું થયું?"

સંતોએ કહ્યું, "મહારાજ! એક વિનંતી કરવા આવ્યા છીએ."

મહારાજ હસીને કહે, "બોલો બોલો, શું કહેવું છે?"

સંતોએ કહ્યું, "મહારાજ! આ નવા આવેલા છોકરાના કુળ-કુટુંબનું કાંઈ ઠેકાણું નથી, મુસલમાનના ઘરે મોટો થયો છે, એને સાધુ કેમ કરાય? એને સાધુ કરો તો અમારે એની સાથે એક પંક્તિમાં જમવું પડે, એટલે બધા સંતોના મનમાં આ વાતનો કચવાટ થઈ રહ્યો છે."

સંતોની વાત સાંભળી મહારાજ મર્માળુ હસ્યા અને બોલ્યા, "ઓહો, આટલી જ વાત છે ને! અમે એને સાધુ કરીએ, એ તમારી સાથે એક પંક્તિમાં જમવા બેસે, તમારા વર્ણાશ્રમના ધર્મ લોપાય, તમને ધર્મલોપની ભારે બીક છે ને?"

સંતોના હૈયાની વાત મહારાજે વધારે સ્પષ્ટ કરી, એટલે બધા સંતો શરમથી નીચું જોઈ ગયા.

મહારાજે માર્મિક રીતે ટકોર કરતા નિર્ણય આપ્યો, "પરમહંસો! સાંભળો, અમે એને સાધુ તો કરીશું જ, પણ એ પંક્તિમાં તમારાથી જુદા જમવા બેસશે, તમારા વર્ણાશ્રમના ધર્મ અખંડ રહેશે. હવે તો કાંઈ વાંધો નથી ને?"

સંતોએ શ્રીજી મહારાજની દૃઢતા જોઈ અને પોતાને ભવિષ્યમાં અડચણરૂપ થનારા ધર્મ-નિયમનો માર્ગ પણ નીકળી ગયો હોવાથી કોઈથી ના પાડી ન શકાઈ.

મહારાજે એ યુવાન નૂર તાઈને ભાગવતી દીક્ષા આપી સાધુ કર્યા, નામ પાડ્યું 'નિજબોધાનંદ' સ્વામી.

સમય અને સંજોગને લીધે તારામંડળમાંથી છૂટો પડી ગયેલો એક તારો ફરી તારામંડળમાં ગુંથાઈ ગયો.

પ્રિયતમ પરબ્રહ્મને મળવા નીકળેલી સરિતા મહાસાગરમાં ભળી ગઈ.

નોંધ : સંપ્રદાયમાં પ્રેમાનંદ સ્વામીની દીક્ષા લેવાની જે વાત છે એ બે પ્રકારે કહેવામાં આવે છે. કોઈ કહે છે કે, પ્રેમાનંદ સ્વામી નાના હતા ત્યારથી જ વૈરાગી સાધુઓની સાથે ફરતા હતા. ત્યારે એમને જ્ઞાનાનંદ સ્વામી વગેરે સંતોનો યોગ થયો હતો. પછી એ સંતો સાથે ફરતાં ફરતાં શ્રીજીમહારાજ પાસે આવ્યા. બીજી વાત ઉપર લખ્યા પ્રમાણેની છે. આ બે વાતમાંથી બીજી વાત વધારે પ્રમાણભૂત હોય એવું લાગે છે. કારણ કે, જો એ વૈરાગીઓની સાથે ફરતા હોય તો એમને ખબર કેમ પડી કે તેઓ ત્યજાયેલા છે અને મુસ્લિમના ઘરે ઊછર્યા છે. બીજું, જો વૈરાગીઓને ખબર હોય કે આ બાળક મુસ્લિમને ત્યાં ઊછરેલું છે તો એ પોતાની સાથે રાખે જ નહીં. એટલે વૈરાગીની સાથે હતા અને ત્યાંથી જ જો આવ્યા હોય તો દીક્ષા વખતે આવેલી અડચણનો સંભવ ન રહે. કારણ કે પ્રેમાનંદ સ્વામીના ઈતિહાસની કોઈને ખબર જ નથી, પરંતુ જ્યારે ડોસા તાઈ પાલક પિતા તરીકે નૂર તાઈને લઈને આવ્યા અને વાત થઈ કે, 'મને આ બાળક ખુદાએ આપ્યું છે, આ ત્યજેલું બાળક છે, મેં પાળ્યું છે.' ડોસા તાઈની આ વાતથી જ દીક્ષામાં અડચણ આવી! માટે આ વાત વધારે પ્રમાણભૂત ગણાય.

નિજબોધાનંદમાંથી પ્રેમાનંદ

દાદા ખાચરના દરબારગઢમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ વિરાજમાન છે. ચારેતરફ સંસ્કૃતનો અભ્યાસ કરી રહેલા નાના નાના સંતો વીંટળાઈને બેઠા છે. મહારાજ એ સંતોને પ્રેરણાત્મક વાતો કરી રહ્યા છે.

એવા સમયે એક રંગે ઉજ્જ્વળ, શરીરે દેખાવડા નવા સંત નિજબોધાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિને અપલક નયને નીરખી અંતરમાં ઉતારી રહ્યા છે.

એક પછી એક સંતને અભ્યાસ વિશે પૂછતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે શરમાળ અને શાંત પ્રકૃતિના નવા સાધુને પૂછ્યું, "સાધુરામ! તમે શું ભણો છો?"

ભરસભામાં પોતાના પુછાયેલા આ પ્રશ્નથી નિજબોધાનંદ સ્વામી ચોંકી ગયા. નીચી દૃષ્ટિ રાખી બોલ્યા, "મહારાજ ! સંસ્કૃતમાં સારસ્વતનો અભ્યાસ ચાલે છે."

"તો સાધુરામ ! અભ્યાસની સાથે સાથે કીર્તનોની રચના કરો ને!"

સંકોચાતા અવાજે નિજબોધાનંદ સ્વામી બોલ્યા, "પણ મહારાજ! મને કીર્તનો બનાવતાં ન આવડે. એ મારું ગજું નહીં. એ તો મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મહાન કવિઓનું કામ."

સ્વામીની વાત સાંભળી મંદ મંદ હસતાં શ્રીહરિએ નિજબોધાનંદ સ્વામીના મસ્તક ઉપર કરુણાસભર હાથ મેલ્યો અને બોલ્યા, 'સાધુરામ ! તમે અમારી મૂર્તિને અંતરમાં ધારી કીર્તનો રચવા માંડો, રચનાઓ આપોઆપ અંતરમાંથી સ્ફુરવા માંડશે.'

નિજબોધાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા ઝીલી લીધી. કલમ હાથમાં લીધી, શ્રીહરિની મૂર્તિનું નખશિખ સ્મરણ કર્યું. રોમાવલિઓમાં રોમાંચ વ્યાપી ગયો. મહારાજના વચને જાણે ચમત્કાર સર્જાયો ! ભગવાન વિષ્ણુના શંખનો સ્પર્શ થતા ધ્રુવના મુખમાંથી સરસ્વતી વહી હતી, એ જ રીતે મહારાજના સ્પર્શથી નિજબોધાનંદ સ્વામીના અંતરમાંથી કીર્તનોની અમૃતધારા ફૂટી અને અદ્‌ભુત કીર્તનો રચાવા માંડ્યાં....

પ્રથમ કીર્તન રચાયું :

'ફૂલન હીંડોળે ઝૂલત લાલ...
નિજબોધાનંદને રે પ્યારા વદન દેખાડો વહાલા,
રસિયાજી રાખોને હજૂર રે...

પ્રથમ ભક્તિપદ પૂરું થયું અને તરત જ બીજું પદ રચવાનું શરૂ થયું. એમ કરતાં ચાર પદ રચાઈ ગયાં. આ નવા કવિએ ઉત્સાહભેર સભામાં કીર્તનોનું ગાન કર્યું, સાથેના સંતોએ વાદ્યોની સંગત આપી. કીર્તનગાન પૂરું થયું ત્યારે શ્રીહરિનો ખૂબ રાજીપો મળ્યો.

આકાશમાં પૂર્ણિમાના ચંદ્રનો ઉદય થાય તેમ આજે સંત-સાહિત્યમાં ઝળહળતા સંત-કવિનો ઉદય થયો.

કવિએ આ પદોમાં અંતે પોતાનું 'નિજબોધાનંદ' નામ મૂક્યું, પરંતુ પદમાં આ નામ મોટું લાગ્યું અને પ્રાસ-લયમાં ભંગ થતો જણાયો. તેથી શ્રીહરિએ 'આ નામ પદના અંતે ઉચિત નથી લાગતું' એમ કહી નિજબોધાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને નવું નામ આપતાં કહ્યું, "આજથી તમારું નામ પ્રેમાનંદ સ્વામી. તમારે હવેથી પ્રેમાનંદના નામે કીર્તનો રચવાં." અને સભા સામે જોઈ બોલ્યા, "આ પરમહંસ કીર્તનો દ્વારા અમારી પ્રેમલક્ષણા ભક્તિને ભૂમંડળ ઉપર પ્રવર્તાવશે."

હવે 'પ્રેમાનંદ'ના નામાચરણ સાથે કીર્તનો રચાય છે, ગવાય છે. સ્વામીના કીર્તનો પ્રેમની એવી પરાકાષ્ઠાએથી ઉદ્‌ભવે છે કે સ્વયં શ્રીજી મહારાજ સાંભળતાં સાંભળતાં ગોઠણિયાભર થઈ જાય!

જાદુગરા મહારાજના જાદુથી પ્રેમાનંદ સ્વામીના અંતરમાંથી કીર્તનોની સરિતા વહેવા માંડી હતી. આ કીર્તનની સરિતામાં પ્રેમના પૂર ઊભરાતા હતા.

એક વાર મહારાજ સભામાં બેઠા હતા. ભગવાન શ્રીકૃષ્ણની લીલાના કીર્તનો ગવાતાં હતાં. કીર્તનોમાં રાધાજીની અષ્ટસખીઓમાંથી 'ચંદ્રસખી'નું નામ વારંવાર આવતું હતું.

મહારાજ કહે 'ભગવાન શ્રીકૃષ્ણ પાસે જેમ ચંદ્રસખી હતાં, તેમ આ પ્રેમાનંદ સ્વામી અમારા 'પ્રેમસખી' છે.' બસ ત્યારથી સહુ પ્રેમાનંદ સ્વામીને 'પ્રેમસખી' કહીને બોલવવા લાગ્યા.

સ્વામીએ પણ કીર્તનોનાં નામાચરણમાં 'પ્રેમાનંદ' અને 'પ્રેમસખી' બન્ને નામનો પ્રયોગ કરેલો છે, કારણ કે આ નામો તો ભગવાને આપેલા પરમ પ્રસાદીના નામો હતાં.

પછી તો જાણે પ્રેમસખીની કલમે કીર્તનોની હેલી વરસી. એક પછી એક પ્રેમભક્તિનાં અનેક પદોની રચના થવા લાગી. આજે ભારતવર્ષના ભક્તિકાવ્યોના વારસામાં પ્રેમાનંદ સ્વામીનું નામ એક મહાન કવિ તરીકે ગૌરવભેર લઈ શકાય છે.

પુરુષના દેહમાં સંપૂર્ણ સખીભાવ જાગ્રત થયો હોય એવી ભક્તિ ખૂબ ઓછી થઈ છે. નંદ સંતોમાં એક

પ્રેમસખીના હૃદયમાં પૂર્ણ સખીભાવ પ્રગટેલો છે. પ્રેમસખી જેટલો સખીભાવ બીજામાં પાંગર્યો હોય એવું દેખાયું નથી

એક સમયે વડતાલમાં અન્નકૂટ ઉત્સવ પ્રસંગે ભગવાન શ્રી સ્વામિનારાયણે મુક્તાનંદ સ્વામીને નૃત્યગાન કરવાનું કહ્યું. ત્યારે પ્રથમ પ્રેમાનંદ સ્વામીએ પગે ઘૂંઘરું બાંધીને નૃત્ય સહિત સંગીતગાન કર્યું. પછીથી મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કર્યું. આ પ્રસંગ પરથી કહી શકાય કે પ્રેમાનંદ સ્વામી નૃત્યકળામાં પણ પ્રવીણ હતા. જેની સાક્ષી પૂરતા પ્રસંગનું વર્ણન ખુદ મુક્તાનંદ સ્વામીએ પોતાના હોળીના કીર્તનમાં કર્યું છે.

'નિરત્ય સુરત્ય પકરે પિયા કું,
પ્રેમસખી તહાં નાચ નચીરી...'

આ ઉપરથી કહી શકાય કે પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી શ્રેષ્ઠ કવિ, ઉત્તમ ગાયક અને નૃત્યકાર હતા. સાથે સાથે વાદ્યમાં પણ તેઓ પારંગત હતા.

સંગીત ક્ષેત્રે ચાર પ્રકારનાં વાદ્યો હોય છે. જેમાં તત, વિતત, ઘન અને સુષીર. તત એટલે તંતુવાદ્ય, જેમાં સિતાર, સારંગી વગેરેનો સમાવેશ થાય છે. વિતત એટલે સામાન્ય તંતુવાદ્ય, જેમાં રાવણહથ્થો, એકતારો વગેરે આવે છે. ઘન એટલે આઘાત કરવાથી વાગતું વાદ્ય, જેમાં મંજીરા, તબલાં, ઢોલ, નગારાં વગેરે. સુષીર એટલે ફૂંક મારવાથી વાગતું વાદ્ય. જેમાં વાંસળી, શરણાઈ વગેરેનો સમાવેશ થાય છે.

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી આ ચારેય પ્રકારનાં વાદ્યો વગાડવામાં કુશળ હતા. આ પ્રકારના સંગીતકારો પૃથ્વી ઉપર ખૂબ ઓછા હોય છે. જેના માથે ભગવાનનાં હાથ હોય એ જ આવી પ્રતિભા કેળવી શકે.

વંદુ સહજાનંદ રસરૂપ...

વિ.સં. ૧૮૮૦ મહા વદી તેરસનો ધન્ય દિવસ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં સભા ભરીને બેઠા હતા.

એ સમયે એક ભૂદેવ દરબારગઢમાં પ્રવેશ કર્યો. ભૂદેવ પાછલી અવસ્થાએ પહોંચ્યા છે, માથે પાઘડી બાંધી છે, ઢીલી ધોતી અને અંગરખું પહેર્યું છે. ખભે ખેસ નાખ્યો છે. બગલમાં ખડિયો લટકે છે. હાથમાં લાકડી છે. મહારાજનાં ભાવથી દર્શન કર્યા, ચારેબાજુ જોઈ સભાને નીરખી અને છેવાડે બેસી ગયા.

શ્રીજી મહારાજે આગંતુક ભૂદેવને નામ-ઠામ પૂછ્યાં ત્યારે ભૂદેવ બોલ્યા, "મહારાજ ! મારું નામ સૂરજરામ છે. જ્ઞાતિએ બ્રાહ્મણ છું. માતાજીનો ઉપાસક છું. હું પહેલા ઓગાણ ગામે રહેતો હતો. હમણાં ઘણાં સમયથી અમદાવાદમાં રહું છું."

મહારાજે કહ્યું, "કાંઈ ભણ્યા છો ?"

સૂરજરામે કહ્યું, "બહુ ભણ્યો નથી."

મહારાજે કહ્યું, "તો ગુજરાન કઈ રીતે ચલાવો છો?"

સૂરજરામે કહ્યું, "મહારાજ ! હું ટેલિયો બ્રાહ્મણ છું. ટેલમાં જે મળે એમાંથી જીવનનિર્વાહ થઈ જાય છે !"

શ્રીજી મહારાજ ચકોર હતા. જ્યારે ભૂદેવ આવ્યા ત્યારે સંતો કીર્તનગાન કરતા હતા. એ સમયે ભૂદેવનું શરીર સંગીતના તાલે ઝૂમતું હતું. પોતે સંગીતપ્રેમી અને કલાપ્રેમી તેથી શ્રીજી મહારાજે પૂછ્યું, "ભૂદેવ ! તમને કંઈ ગાતાં-વગાડતાં આવડે છે ?"

સૂરજરામ કહે, "હું માતાજીનો ઉપાસક છું. મને માતાજીના ગરબા બહુ સારા આવડે છે. ગરબા ગાતાં ગાતાં ટેલ નાખું છું. લોકો રાજી થાય છે. શ્રદ્ધા પ્રમાણે અનાજ તથા પાઈ-પૈસો આપે છે."

મહારાજે હસીને કહ્યું, "સૂરજરામ ! અમને માતાજીના ગરબા સંભળાવો."

શું શ્રીજી મહારાજની ઉદારતા છે ! પોતે પૂર્ણપુરુષોત્તમ નારાયણ હોવા છતા માતાજીના ગરબા ગાવાનું કહે છે. ક્યાં આજનો રૂઢિચુસ્ત અને જિદ્દી સમાજ અને ક્યાં એ દરિયાદિલ સહજાનંદ સ્વામી ! એ વખતે જે સભામાં બેઠા હતા એ પણ જેવા-તેવા ન હતા. એમાં મોટા ભાગનાને કદાચ સહજાનંદ સ્વામીના સંબંધ સિવાય બીજો શબ્દ કાનમાં પડે તો ઊકળતું સીસું રેડ્યા સમાન વેદના થાય એવા હતા. છતાં માતાજીનો ગરબો સાંભળવા તૈયાર થયા હતા. આજના સમાજને તો સર્વોપરીના બહાને દેવી-દેવતાઓને હડસેલા મારે છે અને અંદરથી ભારે દંભી થઈ બેઠા હોય છે. આજે ઉપાસનાને બહાને અવળા માર્ગે ચડી ગયેલા લોકો માતાજીનો ગરબો સાંભળશે !

મહારાજની વાણી સાંભળી સૂરજરામ ભારે પ્રોત્સાહિત થયા. એમણે માતાજીનો ગરબો ઉપાડ્યો.

માડી તારું મુખડું જોઈને આજ,
મરોડ મટ્યો ચંદનો રે લોલ;
માડી તારું મુખડું જોવાને કાજ,
આવે છે કુંવર નંદનો રે લોલ.

સૂરજરામનો કંઠ સુંદર હતો. હલકથી ગવાતો ગરબો સાંભળીને મહારાજ ખૂબ રાજી થયા અને બોલ્યા, "સૂરજરામ ! આ ગરબાનો રાગ, ઢાળ બહુ સુંદર છે. તમે તો ભારે ગરબો ગાયો !"

આટલું કહી મહારાજ સંતો સામે જોઈને બોલ્યા, "પરમહંસો ! ગરબાના આ પદમાં માતાજીનો જેવો સર્વોપરી મહિમા ગૂંથાયેલો છે, એવો અમારો સર્વોપરી મહિમા હજુ સુધી તમે કોઈએ ગાયો નથી."

સભામાં બેઠેલા પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી મહારાજની વાત સાંભળી રહ્યા હતા. એમનો જીવ હાથમાં રહેતો નહોતો. મહારાજ બ્રાહ્મણને બિરદાવે છે એ જોઈ અષાઢી મેઘના સાંનિધ્યમાં મયૂર થનગનાટ કરે, એ જ રીતે પ્રેમસખીનું મન થનગની રહ્યું હતું.

સભા પૂર્ણ થઈ. મહારાજની મરજીને વધાવતા શીઘ્રકવિ પ્રેમસખીએ રાત્રે જોતજોતામાં ઉપરના ગરબાના ઢાળના આઠ પદો રચી નાખ્યાં.

બીજો દિવસ થયો. બપોરના સમયે સભા થઈ. પેલા ભૂદેવ પણ સભામાં બેઠા છે. એ સમયે પ્રેમાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, "મહારાજ ! આપની આજ્ઞા હોય તો હું ગરબાના ઢાળના આપના મહિમાથી ભરેલા પદો બોલું ?"

મહારાજે રાજી થઈને કહ્યું, "બોલો પ્રેમસખી ! બોલો !"

પ્રેમસખીએ સારંગી હાથમાં લીધી અને મધુર સ્વરે પદોનું ગાન શરૂ કર્યું.

વંદ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ...

પ્રેમાનંદ સ્વામી એક પછી એક, એક પછી એક પદ ગાતા જાય છે. સાધક અને સાધ્ય બન્ને એકસાથે છે. સભા આખી સ્થિર થઈ છે. ગાયનમાં નવેય રસ જાણે પ્રેમાનંદ સ્વામીના પંડમાંથી સ્ફૂરે છે. વાતાવરણમાં અદ્‌ભુતતા છવાઈ ગઈ છે. પેલા ભૂદેવ પણ ગાનારા સંત સામે જોયે જ રાખે છે. ભૂદેવને ગાનારા સંત ઉપર એટલું બધું હેત ઊભરાય છે કે જાણે હમણા ઊભા થઈને એને ભેટી પડશે. એ બ્રાહ્મણની આંખમાં હેતના આંસુ છે, પ્રેમાનંદ સ્વામીની આંખમાં પ્રેમના આંસુ છે અને સહજાનંદ સ્વામીની આંખમાં હરખના આંસુ છે. ગંગા-જમુના ને સરસ્વતીનો સંગમ રચાયો છે.

સ્વામીના કંઠેથી એક પછી એક પદો ગવાતા ગયા. પદની પ્રત્યેક પંક્તિમાંથી મહારાજની મૂર્તિનું રસામૃત વરસી રહ્યું હતું. સાંભળતાં સાંભળતાં સઘળી સભા ભાવસાગરમાં ડૂબી ગઈ હતી.

જેવા આઠ પદ પૂરાં થયાં કે તૂર્ત જ મહારાજ ઊભા થઈ ગયા. આંખો હર્ષના અશ્રુઓથી છલકાઈ રહી હતી. ભાવવિભોર થયેલા મહારાજે એકદમ પ્રેમસખીને બાથમાં લઈ લીધા અને બોલ્યા, "ધન્ય છે પ્રેમસખી ! તમને ધન્ય છે !"

પ્રેમસખીને બિરદાવીને મહારાજ ભક્તજનો પ્રત્યે બોલ્યા, "આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ... અને જેને ભગવાનનાં સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે, તે તો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી."

"આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, તોપણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ આવા સંતના મધ્યમાં જન્મ ધરવો."

"જેને આ કીર્તનમાં કહ્યું એવી રીતનું ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મ, માયાના પાશ થકી મુકાયો છે અને જેને ઘરે એવા પુરુષે જન્મ ધર્યો તેના માબાપ પણ કૃતાર્થ થયા જાણવા." (વચનામૃત- ગ.મ.૪૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણને આજે ભારે મોજ ચડી હતી. એમણે સૂરજરામને કહ્યું, "સૂરજરામ ! હજી કાંઈ આવડતું હોય તો બોલો."

સૂરજરામે માતાજીનો બીજો ગરબો ઉપાડ્યો.
મા પાવા તે ગઢથી ઉતર્યા, મહાકાળી રે...

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીએ પણ એ જ સમયે બીજાં

આઠ પદોની રચના કરી નાખી.

પુરુષોત્તમ પુરણ બ્રહ્મ, સહજાનંદ સ્વામી;
જેને ભજતાં છૂટે કર્મ, સહજાનંદ સ્વામી.

પ્રેમાનંદ સ્વામીએ રચેલાં વંદુનાં પદો સંપ્રદાયમાં 'ધ્યાન ચિંતામણિ' તરીકે પ્રસિદ્ધ છે.

ચિંતામણિની જેમ ભક્તોના મનોરથ પૂર્ણ કરનાર હોવાથી આ આઠે આઠ પદ ખરેખર ચિંતામણિ સમાન છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ પદોનું ગાન નિયમિત રીતે થાય છે.

પ્રેમસખીએ ધ્યાન માટે આઠ પદો રચ્યાં છે, આ પદોમાં એમણે શ્રીહરિના એક એક દિવ્ય અંગોનું ભારે ભાવથી વર્ણન કર્યું છે. ધ્યાનયોગની સાધના કરનારા ભક્તો માટે આ પદો અત્યંત ઉપકારક છે.

ધ્યાનના આ પદોમાં શ્રીહરિની મૂર્તિનું નખશિખ વર્ણન ભારે રસપૂર્ણ છે.

******

આ ઘટના ઐતિહાસિક છે. જે દિવસે પ્રેમાનંદ સ્વામીએ આ કીર્તનો રચીને ગાયા એ સ્થાન, એ સંવત, એ દિવસ વચનામૃત ગઢડા મધ્યના ૪૮મા નોંધાયેલા છે.

સંવત્ ૧૮૮૦ના મહા વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને તુલસીની નવીન શ્વેત કંઠીઓ કંઠને વિશે ધારણ કરી હતી ને પાઘને વિશે પીળા પુષ્પનો તોરો વિરાજમાન હતો ને કંઠને વિશે પુષ્પના હાર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને સાધુ પ્રેમાનંદ સ્વામી ભગવાનના ધ્યાનના અંગની ગરબીઓ જે, 'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' એ ગાવતા હતા.

આ કીર્તનો સાંભળીને શ્રીજી મહારાજ જે અભિપ્રાય આપે છે તે અદ્‌ભુત છે. શ્રીજી મહારાજ કહે છે, "બહુ સારા કીર્તન ગાયાં. આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, 'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ."

શ્રીજી મહારાજનાં આવાં વચનો સાંભળીને સભા સ્તબ્ધ થઈ હશે જ. મહારાજ અહીં પ્રેમાનંદ સ્વામીને નિરન્નમુક્તની પદવી આપે છે અને આડકતરી રીતે સામે બેઠેલા સાધુઓને એ પણ કહી દે છે કે, તમે જેને પંક્તિમાં સાથે બેસવા નથી દેતા એની સ્થિતિ દૈહાતિત છે, મુક્તની છે. તે કૃતાર્થ છે. કૃતાર્થનો એક અર્થ 'જે ધન્ય થયા છે' એવો થાય અને બીજો અર્થ કરવા જેવું જેણે બધું જ કરી લીધું છે એવા.

શ્રીજી મહારાજની પ્રેમસખી ઉપર આ કૃપા અહૈતુકી છે. મહારાજ પ્રેમસખીના જીવનને પારાપાર જાણે છે એટલે જ પોતાના મુખે આવા શબ્દો સરી પડે છે. સાથે સાથે મહારાજ સાધુઓમાં વર્ણાશ્રમના ધર્મની વધારે પડતી પકડ છે એને આડકતરી રીતે છોડાવા પણ માગે છે. કારણ કે, સાથે જ રહેતા એક સાધુ જ્યારે જમવાના સમયે પંક્તિથી બહાર થાય એની પીડા તો તરછોડાયેલા હોય એ જ જાણી શકે. પ્રેમસખીના અતંરની પીડા મહારાજ બરાબર સમજે છે અને અહીં નિરાકરણનો ઉપાય અજમાવતા હોય એવું પણ લાગે છે.

પિતા-પુત્રનું મિલન

વંદુ સહજાનંદ... પદોનું શ્રવણ કર્યા પછી મહારાજે મૂર્તિના સ્મરણનો મહિમા કહ્યો. પછી શ્રીજી મહારાજે સભામાં બેઠેલા સૂરજરામને સંબોધીને પૂછ્યું, "ભૂદેવ...તમારે દીકરા કેટલા?"

શ્રીજી મહારાજનો આ પ્રશ્ન સૂરજરામ માટે આઘાતજનક હતો. ભૂદેવની આંખમાંથી આંસુઓની ધાર થઈ ગઈ. થોડી વારે બોલ્યા, "પ્રભુ ! ભગવાને મને એક દીકરો આપ્યો તો, પણ મેં એ દસ-પંદર દિવસના કુમળા દીકરાને દરિયાખાનના ઘુમ્મટ નીચે ત્યાગી દીધો હતો..." આટલું બોલતા સૂરજરામથી ડૂસકું મુકાઈ ગયું.

પછી બોલ્યા, મહારાજ ! મેં કઠોર હૃદયના બાપે જ્યોતિષીના વચનોમાં વિશ્વાસ રાખી કૂમળા ફૂલ જેવા દીકરાને તરછોડ્યો ત્યારે એની મા ભારે વિલાપ કરતી હતી, પરંતુ ભગવાન બીજું ફૂલ દેશે એવી મારી આશા ઠગારી નીવડી. ભગવાને આપેલા એક દીકરાનો અનાદર કર્યો એના પરિણામે અમારી ગોદ ભરાઈ જ નહીં."

ભૂદેવના શબ્દો સાંભળી સભામાં શાંતિ છવાઈ ગઈ. ભૂદેવ અને શ્રીજી મહારાજ તરફ બધા એક નજરે જોઈ રહ્યા. ત્યારે શ્રીજી મહારાજ કહે, "ભૂદેવ ! તમે એ બાળકને ઓળખો ખરા!"

"અરે મહારાજ ! મને વિચારતા કંપારી છૂટે છે કે એ બાળક જીવિત હશે કે નહીં ? પછી ઓળખવાની તો વાત જ ક્યાંથી રહે ? એ સમયે હું એટલો ક્રૂર અને કઠોર થયો હતો કે મને ભવિષ્યનું કોઈ ભાન જ નહોતું. ઉપરાંત જે જગ્યાએ બાળકને મૂક્યું હતું તે જગ્યાએ જીવિત રહે એની શક્યતાઓ નહીંવત છે."

ત્યારે શ્રીજી મહારાજ કહે, "જેને ભગવાન રાખે એને કોણ મારી શકે ! માનો કે એ બાળક જીવિત હોય તો તમે એને ઓળખી શકો ?"

"અરે મહારાજ ! એ દસ-પંદર દિવસના દીકરાને છોડ્યો એના અત્યારે વર્ષો વીતી ગયાં. એ સામે મળે તોય હું ન ઓળખી શકું."

"પણ કોઈ નિશાની ?"

થોડો ઊંડો વિચાર કરી સૂરજરામ બોલ્યા, "હા, મહારાજ ! એ બાળકને છોડતી વખતે મેં એને નીરખીને જોયું હતું. એ બાળકના એક હાથમાં ધજા અને બીજા હાથમાં ચંદ્રનું ચિહ્ન હતાં. એના ચરણમાં ઊર્ધ્વરેખા પણ હતી. પ્રભુ ! આજે મને એમ થાય છે કે આવા દિવ્ય ચિહ્ન જેનાં શરીરમાં હતાં એને મેં કેમ તરછોડ્યો ?"

સભા સ્તબ્ધ થઈને શ્રીજી મહારાજ અને ભૂદેવનો સંવાદ સાંભળી રહી છે. બધાનાં મન ઊંચા ચડેલાં છે. શું થઈ રહ્યું છે એની જાણ થતી નથી.

શ્રીજી મહારાજે કહ્યું, "ભૂદેવ ! તમે ઊભા થઈને અહીં આવો તો !"

ભૂદેવને કંઈ સમજાતું નથી કે સ્વામિનારાયણ શું કરવા માગે છે. તેઓ ઊઠીને નજીક આવ્યા. એટલે મહારાજે કહ્યું, "હમણા કીર્તન ગાતા હતા એ પ્રેમાનંદ સ્વામીના હાથ-પગ જુઓ તો."

એ કુતૂહલવશ થઈ ભૂદેવે પ્રેમાનંદ સ્વામીના હાથ પોતાના હાથમાં લીધા અને જોવા લાગ્યા. સ્વામીના હાથમાં ભૂદેવને ધજા અને ચંદ્રનું ચિહ્ન જોયું. પ્રેમાનંદ સ્વામીએ જે પગ ઉપર સારંગી ગોઠવી હતી એ ચરણમાં ઊર્ધ્વરેખાનું ચિહ્ન પણ દેખાયું. વર્ષો પછી જે ત્યજાયેલા પુત્રનું સ્મરણ હમણાં જ થયું હતું એ જ આ પ્રેમાનંદ સ્વામી છે એવી જાણ થતા જ સૂરજરામ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. એમણે સ્વામીના ચરણ પકડી માફી માગવા લાગ્યા. રડતાં રડતાં કહે, "ઓહોહોહો...મહારાજ ! આ એ બાળક છે અને અહીંયાં હયાત ! આપની પાસે પહોંચ્યું ! મારા એવા કેવા ભાગ્ય હશે કે આજે વર્ષો પછી મારો મારા દીકરા સાથે અહીંયાં ભેટો થયો. પ્રભુ ! મારા ગુના માફ કરો."

આમ બોલતાં બોલતાં સૂરજરામ મહારાજની માફી માગે તો વળી પ્રેમાનંદ સ્વામીના પગ પકડી સ્વામીની માફી માગે. કેવું દૃશ્ય સર્જાયું હશે એ ?

જે ઘટના ઘટી રહી છે એથી સ્વયં પ્રેમાનંદ સ્વામી અચંબિત છે, સભા સ્તબ્ધ છે. સર્વ એકબીજા સામે જોઈ મનથી વાત કરી રહ્યા છે.

પછી ભૂદેવે મહારાજને કહ્યું, "મહારાજ ! આપ સ્વયં ભગવાન છો. મારો દીકરો તમારા આશરે છે એ જાણી મને ખૂબ સંતોષ થયો છે. હવે મને પણ તમારા શરણે રાખો."

મહારાજ કહે, "ભૂદેવ ! તમારે અમારો આશરો કરવાની જરૂર નથી. અમે હમણાં જ કહ્યું કે, જેને ઘરે આવા દીકરાએ જન્મ ધર્યો છે એના મા-બાપ કૃતાર્થ થયાં છે. તમારું અને તમારા કુળનો ઉદ્ધાર થયો સમજો. અને ભૂદેવ ! તમારી આયુષ્ય ઝાઝી રહી નથી, માટે ઘરે સિધાવો. થોડા દિવસો પછી તમારો અંતકાળ આવશે ત્યારે અમે તમને તેડવા આવીશું."

એમ કહી શ્રીજી મહારાજે કારભારી પાસે દક્ષિણા મંગાવી ભૂદેવને અર્પણ કરી, વસ્ત્રો આપ્યાં, પૂજન કર્યું અને ભૂદેવને વળાવ્યા.

સૂરજરામ અમદાવાદ આવ્યા. દિવસો પસાર થાય છે. એમની નજર સમક્ષથી દાદા ખાચરના દરબારગઢનું એ દૃશ્ય વિસરાતું નથી. એમને પોતાના પુત્ર પ્રેમાનંદ સ્વામીનું અને ભગવાન શ્રીહરિનું જ ચિંતવન રહે છે. એવામાં અંતકાળ આવ્યો અને 'ઓહોહોહો... મારો દીકરો આવ્યો છે અને જગતના બાપ ભગવાન સ્વામિનારાયણ આવ્યા છે, હું એમની સાથે જાવ છું. સૌને જય સ્વામિનારાયણ...' એમ બોલતાં બોલતાં સૂરજરામે દેહ મૂક્યો.

નોંધ :- જૂના અનુભવી સંતોના મતે આ સૂરજરામ જ પ્રેમાનંદ સ્વામીના પિતા હતા. એમના બીજા ભાઈનું નામ આનંદરામ હતું, જે મુક્તાનંદ સ્વામીના પિતા હતા.

(ક્રમશઃ)

ગુરુકુલ દર્શન માસિક અંગેની વિગતો

ન્યુઝ પેપર રજીસ્ટ્રેશન રુલ ૧૯૫૬ અન્વયે જાહેરનામું

પ્રકાશન સ્થળઃ- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

પ્રકાશન સમય :- દર માસની ૨૫ તારીખે

મુદ્રકનું નામ :- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

પ્રકાશકનું નામ :- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

રાષ્ટ્રીયતા :- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

તંત્રીનું નામ :- પાર્ષદ શામજી ભગત

રાષ્ટ્રીયતા :- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

માસિકના માલિક :- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

હું પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

સહી- પુરાણી બાલકૃષ્ણદાસ.

સમાચાર દર્શન

'વંદુ સહજાનંદ...' પદોનું અનુષ્ઠાન

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીની ભાવોર્મિમાંથી પ્રગટેલા અદ્‌ભુત અને અલૌકિક પદો 'વંદુ સહજાનંદ રસરુપ'ની ઉત્પત્તિના બસો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે SGVP ગુરુકુલ પરિવાર દ્વારા પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં ગઢપુરમાં અનુષ્ઠાનનો પ્રારંભ કરાયો હતો.

ત્યાર પછી ગુરુકુલ પરિવાર દ્વારા ઘરે ઘરે સામૂહિક અનુષ્ઠાનોનો પ્રારંભ થયો. આ અનુષ્ઠાનમાં અનેક ભક્તો જોડાઈ રસરૂપ સહજાનંદજીની મૂર્તિના રસનું પાન કરી રહ્યા છે. સંવત ૧૮૮૦ના મહાવદિ ચૌદસના દિવસે આ પદોનું પ્રાગટ્ય થયું હતું. બસો વર્ષ પછી એ જ દિવસે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના હસ્તે પ્રતિષ્ઠિત શ્રીહરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં અભુતપૂર્વ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીલક્ષ્મીનારાયણ દેવ પીઠાધીશ્વર આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના સાંનિધ્યમાં તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીની ઉપસ્થિતમાં વડતાલધામના સભામંડપમાં અનુષ્ઠાનનું આયોજન થયું. તા. ૯ માર્ચના રોજ યોજાયેલ આ અનુષ્ઠાનનું તમામ આયોજન પૂજ્ય કોઠારી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી, ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય શ્યામવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શનથી થયું હતું.

પ્રારંભે હરિકૃષ્ણ હારાજના સાંનિધ્યમાં સૌ સંતો-ભક્તોએ વંદુ સહજાનંદ...ના પાઠ કર્યા. ત્યાર બાદ સભામંડપમાં બે હજારથી વધારે ભક્તોની ઉપસ્થિતિમાં ભગવાન શ્રીહરિ તથા સંતોના પૂજન સાથે પાઠનો પ્રારંભ થયો. સૌ ભક્તોએ એક સાથે અગિયાર પાઠ કરી શ્રીહરિના ચરણોમાં બે પુરશ્ચરણ અર્પણ કર્યા. આ પ્રસંગે ખાસ સભામાં પૂજ્ય આચાર્ય મહારાજે પધારી શુભાશિર્વાદ પાઠવ્યા હતા. કોઠારીશ્રી તથા ચેરમેનશ્રીએ પણ આ પ્રસંગે પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીની પ્રેરણાત્મક કથાવાર્તાથી વંદુના પદોના વધેલા મહિમાને બિરદાવ્યો હતો.

અમદાવાદ ગુરુકુલ : પ્રાતઃકાળે વડતાલ અનુષ્ઠાન થયું એ જ રીતે રાત્રે અમદાવાદ ગુરુકુલ ખાતે વિશાળ પાયે અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ત્રણ હજાર ઉપરાંત ભક્તોની હાજરીમાં અગિયાર પાઠ કરી ત્રણ પુરશ્ચરણ ભગવાનના ચરણે અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઑસ્ટ્રેલિયા સત્સંગ પ્રવર્તન અર્થે વિચરણ કરી રહેલા પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ઓનલાઈન શુભાશીર્વાદ પાઠવ્યા હતા. પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મનંદનદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી ભક્તવત્સલદાસજી સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

રાજકોટ : શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે તા. ૬ થી ૧૦ માર્ચ - પંચ દિનાત્મક વંદુ યજ્ઞ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસના યજ્ઞમાં રાજકોટ તથા આસપાસના ગામોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ભક્તજનોએ પધારી લાભ લીધો હતો. ખાસ કરીને પરમ પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીએ પધારી યજ્ઞ પૂર્ણાહુતિ કરાવી હતી અને સૌને દર્શનનો લાભ આપ્યો હતો. આ યજ્ઞનું આયોજન કોઠારી શ્રી રાધારમણદાસજી સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસજી સ્વામી તથા રીબડા ગુરુકુલના સંચાલક પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું.

સેમિનાર 'ચર્ચા અને પ્રશ્નોત્તરી'

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદના અધ્યક્ષ સ્વામી શ્રી માધવપ્રિયદાસજીના સાંનિધ્યમાં નિકોલ-નરોડા ખાતે 'સનાતન ધર્મ અને વર્તમાન જીવનપદ્ધતિ' વિષયના આધારે એક અનોખા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુરુકુલ પરિવાર નિકોલ-બાપુનગર દ્વારા આયોજિત 'ચર્ચા અને પ્રશ્નોત્તરી' સેમિનારના પ્રારંભે પૂજ્ય સ્વામીજીએ વૈદિક મંત્રોના ગાન સાથે ઠાકોરજીનું પૂજન કર્યું હતું. ત્યાર બાદ સમાજના આગેવાનો તથા ભક્તજનોએ પૂજ્ય સ્વામીજીનું સ્વાગત-પૂજન કરી સેમિનારનો પ્રારંભ કરાવ્યો હતો.

પૂજ્ય સ્વામીજીએ પોતાની વિદ્વત્તા સભર વાણીમાં સનાતન ધર્મના કેટલાંક મહત્વના મુદ્દાઓ વિશે સમજાવતા કહ્યું હતું કે, ભારત ભાગ્યશાળી છે કારણ કે અહીં ભગવાન અને સંત વારંવાર પધારે છે. ભારતની સંસ્કૃતિ દિવ્ય છે, અહીં ભગવાન ઉપરથી જ જોતા નથી, પોતાના બાળકોની વચ્ચે રામ-શ્યામ-ઘનશ્યામ સ્વરૂપે અવતરે છે. એ અવતારોમાં જો શ્રદ્ધા હશે તો ક્યારેય હતાશ નહીં થવાય, માર્ગચ્યુત નહીં થવાય.

ખાસ કરીને આજે સમાજમાં સૌહાર્દની જરૂર છે. હિન્દુ સમાજ પરસ્પર જોડાયેલો રહે, તોડનારા પરિબળોથી દૂર રહે તેની ખાસ તકેદારી રાખવાની છે. આજે કાતરની નહીં, પરંતુ સોયની વધારે જરૂર છે.

ત્યારબાદ પ્રશ્નોત્તરીમાં આજના સમયને આધારે યુવાનેને મુંઝવતા કેટલાંક પ્રશ્નોના ઉત્તર આપીને સ્વામીજીએ સૌને માર્ગદર્શન આપ્યું હતું.

આજે સનાતન ધર્મ ચારે તરફથી આવતા જોખમોથી ઘેરાયેલો છે. યુવાનો ઉપર કેટલીય પ્રકારના માનસિક-વૈચારિક આક્રમણો થઈ રહ્યા છે. આવા સમયે પૂજ્ય સ્વામી દ્વારા અપાયેલ માર્ગદર્શન સહુને સાચી દિશા આપશે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ ભવન (નિકોલ-નરોડા)ના વિશાળ ગ્રાઉન્ડમાં આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો શ્રી મગનભાઈ રામાણી, શ્રી હરેશભાઈ રામાણી, શ્રી હિતેશભાઈ ખૂંટ વગેરે મહાનુભાવો, દાતાશ્રીઓ, ડોક્ટરમિત્રો, કોલેજિયન વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં ભક્તજનો હાજર રહ્યા હતા. ખાસ કરીને રાજદ્વારેથી મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ગોરધનભાઈ ઝડફિયા વગેરે રાજકીય મહાનુભાવોએ ઉપસ્થિત રહી સેમિનારનો લાભ લીધો હતો.

અનુસંધાન કાર્યશાળા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ **(SGVP)** અમદાવાદ દ્વારા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય કાર્યરત છે. આ સંસ્થા દ્વારા વેદાધ્યયન, સંસ્કૃત શાસ્ત્રોનું અધ્યયન તથા સંસ્કૃતિના પોષણ માટે કાર્ય થઈ રહ્યું છે. આ સંસ્થામાં 'દર્શનમ્ શોધ કેન્દ્ર' પણ કાર્યરત છે. આ શોધ કેન્દ્ર દ્વારા વેદ તથા પરંપરાગત શાસ્ત્રોને કેન્દ્રમાં રાખીને આજના સમયને અનુરૂપ સંશોધનકાર્ય થઈ રહ્યું છે. સાથે સાથે શોધકર્તાઓ પીએચ.ડી. પણ કરી રહ્યા છે.

દર્શનમ્ શોધ કેન્દ્ર દ્વારા શૈક્ષણિક વર્ષ દરમિયાન અનેકવિધ સેમિનાર તથા કાર્યશાળાઓના આયોજનો થતા રહે છે. ત્યારે સંસ્થાના અધ્યક્ષ પૂજ્ય સ્વામીજીની પ્રેરણા અને ઉપસ્થિતિમાં તારીખ ૧૪ માર્ચ, ૨૦૨૪ના રોજ એક અનોખી અનુસંધાન કાર્યશાળા યોજાઈ.

શોધકર્તા વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી આ અનુસંધાન કાર્યશાળા યોજાઈ હતી. જેમાં ગુજરાતના મુર્ધન્ય વિદ્વાન વક્તાઓ શ્રી કમલેશભાઈ ચોક્સી, શ્રી વસંતભાઈ ભટ્ટ, શ્રી જાનકીશરણ આચાર્યએ ઉપસ્થિત રહી અનુસંધાને અવધાનમ્, અનુસંધાને ભાષાકીયદૃષ્ટિ, નૂતન શિક્ષણ નિતિ અનુસાર અનુસંધાન જેવા વિષયો ઉપર વ્યાખ્યાન આપ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ દર્શનમ્ સંસ્કૃત સંસ્થાન સ્થાપનાનો હેતુ તથા ઉદેશ સમજાવ્યો હતો તથા શોધકર્તા વિદ્યાર્થીઓને ઉત્તમ માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય શ્રી રામપ્રિયજીએ સ્વાગત પ્રવચન કરી સંસ્થાના કાર્યોનું દર્શન કરાવ્યું હતું. આ અનુસંધાન કાર્યશાળાનું આયોજન તથા સંચાલન આચાર્ય શ્રી લક્ષ્મીનારાયણ ભટ્ટે કર્યું હતું.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૨મી પુણ્યતિથિ

તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ સદ્‌વિદ્યા સદ્ધર્મ રક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૩૨મી પુણ્યતિથિ ભજન-ભક્તિના વિવિધ આયોજનો સાથે ઉજવવામાં આવી હતી. ગુરુદેવની પૂણ્યતિથી નિમિત્તે અમદાવાદ ગુરુકુલ ખાતે બાર કલાક અખંડ 'વંદુ સહજાનંદ' પદોના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બસો ઉપરાંત ભક્તજનોએ બાર કલાકમાં બસો પાઠ કરી ભગવાન શ્રીહરિને અર્પણ કર્યા હતા. આ ઉપરાંત પાંચ કલાકની અખંડ ધૂન અખંડ મંત્રલેખન, અખંડ દંડવત્ જેવા આયોજનો પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આયોજિત ગુણાનુવાદ સભામાં સંતો તથા ભક્તજનોએ ગુરુદેવનું પૂજન કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઓસ્ટ્રેલિયા સત્સંગ વિચરણ કરી રહેલા પૂજ્ય સ્વામીજી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ વિડિયો સંદેશ દ્વારા ગુરુદેવના સંસ્મરણો તાજા કરી પ્રેરણાદાયી વાતો કરી હતી.

આ પ્રસંગે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦ ઉપરાંત ભક્તોએ રક્તદાન કર્યું હતું. ભગવાન સ્વામિનારાયણ તથા ગુરુદેવને પ્રસન્ન કરવા પૂન્યતિથિ નિમિત્તે ભજન-ભક્તિનો ધોધ વહ્યો હતો. સંતો, વિદ્યાર્થીઓ તથા હરિભક્તોએ દંડવત, પ્રદક્ષિણા, માળા, શાસ્ત્રપાઠ, અખંડ ધૂન જેવા વિવિધ આયોજનો દ્વારા ભજનની સરવાણી વહાવી. જેમાં 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ, એક લાખથી વધુ દંડવત્ તથા પ્રદક્ષિણા, અખંડ મંત્રલેખન, અખંડ કીર્તનગાન, વંદુ-જનમંગલના પાઠ, વિદ્યાર્થીઓ દ્વારા ૮૬ કલાકના ઉપવાસ આદિક અનુષ્ઠાનમાં મોટી સંખ્યામાં સંતો-વિદ્યાર્થીઓ-ભક્તો જોડાયા હતા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ આયોજીત

बाल सत्संग शिबिर

इन छोटे हाथो को चांद सितारे छूने दो ।

05 to 10 MAY 2024

90337 17196

SGVP GURUKUL AHMEDABAD

શિબિરમાં જોડાવા ઈચ્છતા બાલ-બાલિકાએ ૨૫ એપ્રિલ સુધીમાં ફોર્મ ગુરુકુલમાં જમા કરાવી દેવા.

રાજકોટનું સૌથી મોટુ હરિયાળુ સ્કુલ કેમ્પસ

The Complete Smart Future School

SGVP INTERNATIONAL SCHOOL

RIBDA-RAJKOT

ADMISSION OPEN

દીકરીઓ માટે સ્કુલ ફીમાં વિશેષ સ્કોલરશીપ યોજના

CBSE BOARD

KG to 12th

(SCI & COM)

BOYS & GIRLS SCHOOL

Ribda- 93772 12341

Vavdi- 97277 46946

શ્રદ્ધાસુમન

અ.નિ શ્રી રામભાઈ મેઘજીભાઈ શેલડિયા :- ગુરુકુળના નિષ્ઠાવાન સેવક તથા સમાજના મોભી શ્રી રામભાઈ શેલડિયા ૬૪ વર્ષની ઉંમરે તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. રામભાઈની નિષ્ઠા અને સેવા અજોડ હતા. અમદાવાદ ગુરુકુલના વિકાસ તથા નિર્માણમાં તેઓએ ખૂબ સહયોગ આપ્યો હતો. સમગ્ર પરિવાર ભગવાન શ્રી સ્વામિનારાયણની નિષ્ઠાથી પૂર્ણ છે. સુપુત્ર અક્ષય વગેરે પરિવારજનો ગુરુકુલ સાથે જોડાયેલા છે. ભગવાન શ્રીહરિ રામભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુપુત્ર અક્ષય, ભાઈ બાબુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મધુસુદનભાઈ સત્યવાનભાઈ ઠાકર :- શ્રી મધુસુદનભાઈ ઠાકર તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ૮૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ગુરુકુના સેવેકાર્યોમાં જોડાયેલો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ મધુસુદનભાઈના આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા સુપુત્રો પરેશભાઈ, રાજેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. રમેશભાઈ ભગવાનભાઈ ધાનાણી :- શ્રી રમેશભાઈ ધાનાણી તા. ૪ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ રમેશભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. દિનેશભાઈ કાનજીભાઈ કેવડિયા :- શ્રી દિનેશભાઈ કેવડિયા તા. ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ દિનેશભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા હિતેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હેતલબેન હરસુખભાઈ સુરાણી :- હેતલબેન સુરાણી તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની ગુરુકુલમાં ખૂબ મોટી સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ હેતલબેનના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. જસુબેન શાંતિલાલ વેકરિયા :- ઈસ્ટ લંડન ખાતે સમર્પિત વેકરિયા પરિવારના શ્રી જસુબેન વેકરિયા ૧૫ માર્ચ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ નિષ્ઠાથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. ઈસ્ટ લંડન મંદિરમાં ચાલતા મહિલામંડળમાં જસુબેને ખૂબ સેવાઓ કરી હતી. ભગવાન શ્રીહરિ જસુબેનના આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા શાંતિલાલ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી સચિનભાઈ ગોવિંદભાઈ રાઘવાણી, યુ.કે
પ.ભ. શ્રી વાલજીભાઈ કરશનભાઈ રાઘવાણી, યુ.કે
પ.ભ. શ્રી મેગજીભાઈ મનજીભાઈ કેરા, યુ.કે
પ.ભ. શ્રી મેનજીભાઈ લાલજીભાઈ કેરા, યુ.કે
પ.ભ. શ્રી પ્રેમીલાબેન મહેન્દ્રભાઈ ભુડિયા, યુ.કે
શ્રી અ.નિ. ભાનુબેન મેઘજીભાઈ કેરા, યુ.કે
પ.ભ. શ્રી કેશવ કાર્તિકભાઈ સવાણી
પ.ભ. શ્રી લાભુભાઈ રાજાભાઈ ગોયાણી
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ સાવલિયા, અમદાવાદ
શ્રી અ.નિ. રામભાઈ શેલડિયા, અમદાવાદ
હ. અક્ષય રામભાઈ શેલડિયા
અ.નિ. શ્રી મંજુલાદેવી મનસુખભાઈ જોષી,
હ. મિત ડોલરભાઈ જોષી
પ.ભ. શ્રી ધ્રુવ વિપુલભાઈ ગજેરા, અંકલેશ્વર
પ.ભ. શ્રી ભૌતિક કિશોરભાઈ, વાપી
પ.ભ. શ્રી જીલકુમાર વસંતભાઈ દેત્રોજા,અમદાવાદ
પ.ભ. શ્રી બળદેવભાઈ એમ. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રિતેશ હરજીભાઈ રૈયાણી. અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૫/૦૪/૨૪, શુક્રવાર : **પાપમોચની એકાદશી**
તા. ૦૭/૦૪/૨૪, રવિવાર : **સુહૃદ સભા :** છારોડી ગુરુકુલ, સાંજે : ૫:૩૦ કલાકે
તા. ૧૭/૦૪/૨૪, બુધવાર : **રામનવમી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
બપોરે ભગવાન શ્રીરામ જન્મોત્સવ, રાત્રે ૮:૩૦ કલાકે શ્રીઘનશ્યામ જન્મોત્સવ, મેમનગર તથા છારોડી ગુરુકુલ
તા. ૧૯/૦૪/૨૪, શુક્રવાર : **કામદા એકાદશી**
તા. ૨૩/૦૪/૨૪, મંગળવાર : **હનુમાન જયંતી :** હનુમાનજીનું વિશેષ પૂજન, સાંજે ૬:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તથા માંસનિયાગ સાંજે ૪:૦૦ કલાકે, છારોડી ગુરુકુલ

... ગુરુકુલ પરિવાર નિકોલ-બાપુનગર દ્વારા આયોજિત 'ચર્ચા અને પ્રશ્નોત્તરી' સેમિનારમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો ભક્તજનો તથા સૌરાષ્ટ્ર પટેલ સમાજના અગ્રણીઓ

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં SGVP હોલિસ્ટીક હોસ્પિટલ દ્વારા

જન્મજાત કપાયેલા હોઠ અને તાળવાની

નિઃશુલ્ક સર્જરી અને સારવાર

SGVP®
HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

SGVP
વાત્સલ્ય
A HOLISTIC CHILD CARE

પ્રેરક : પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

આજે જ મુલાકાત કરો અમારા અત્યાધુનિક
SGVP વાત્સલ્ય પિડીયાટ્રીક યુનિટની
+91 63598 55526, 02717 240001

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ ધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે
SGVP ગુરુકુલ રીબડા આયોજીત
SGVP અમદાવાદની નૂતન શાખા

'પ્રેમપ્રકાશ' સંસ્કાર કેન્દ્ર - વાવડી, રાજકોટ

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ એવમ્
SGVP પ્રિ- સ્કુલ ઉદ્ઘાટન

૯ થી ૯ એપ્રિલ, ૨૦૨૪
ચૈત્ર સુદ-૧ થી ચૈત્ર સુદ-૪

પધારો...પધારો...પધારો...
સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ...

રાત્રી કથાઃ તા. ૯ થી ૧૧ દરરોજ સાંજે ૮:૦૦ થી ૧૧

૯૮૭૯૦ ૦૦૯૫૫, ૯૭૨૭૭ ૦૭૦૦૩

SGVP સિટી કેમ્પસ, પુનીતનગરની પાછળ, ૧૫૦ ફુટ રીંગરોડ, વાવડી ગામ (રાજકોટ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂપેન્દ્ર રોડ રાજકોટ ખાતે યાજાયેલ 'વંદુ યજ્ઞ અનુષ્ઠાનમાં' ઉપસ્થિત
પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી, સંતો તથા ભક્તજનો

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-